



# અનુપમની હે અમૃતધારા...!

વચનામૃત ગઢડા મધ્ય-૨૧ : 'મુદ્દાનું'નું નિરૂપણ તથા
ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યપર્વે આશીર્દાન.
૩ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**શ્રી** હરિ જયંતી ! ભગવાન શ્રી સ્વામિનારાયણનો અંગ્રેજી તારીખ પ્રમાણેનો આજે પ્રાગટ્યદિન ! ભગવાન મનુષ્ય શરીર ધરીને આ પૃથ્વી પર પ્રગટ થયા. મહત્ત્વની વાત એ કે, એ સમયમાં આપણને પણ ભગવાને મનુષ્યનો જન્મ આપ્યો ; એવો મેળ પડી ગયો, એ કેટલી મોટી અદ્ભુત પ્રાપ્તિની વાત કહેવાય ! ભગવાન હોય, ભગવાનને ધારેલા સંત હોય ને આપણને મુમુક્ષુ તરીકે મનુષ્ય શરીરમાં જન્મ મળ્યો–એવા સુંદર સુયોગનો આ સમય છે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહેલી શેરડીના સાંઠાના વચલા ભાગની વાતનો બરાબર મેળ બેઠો.

ભગવાન જ્યારે મનુષ્ય શરીરમાં હોય ત્યારે એમને ભગવાન માનવા એ બહુ અઘરી બાબત છે. એટલે જ ગુણાતીતાનંદ સ્વામીએ એમ કહ્યું કે, 'ભગવાન થકી જ ભગવાન ઓળખાય છે.' એનો અર્થ એમ થાય કે, ભગવાન પોતે કરુણા કરીને સંકલ્પ કરે. અને એના પરિણામે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અતિશય કૃપા કરીને અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાનો જે માર્ગ સમજાવ્યો, એમાં આજે આપણું પાનિયું પડ્યું. આ સમયમાં આપણને અદ્ભુત પ્રગટ ગુરુહરિની પ્રાપ્તિ થઈ !

ભગવાન શ્રી સ્વામિનારાયણ ૪૯ વર્ષ મનુષ્ય શરીરમાં આ પૃથ્વી પર રહ્યા. ૧૧ વર્ષની ઉંમરે તો એમણે ગૃહત્યાગ કર્યો અને સરયૂ નદી પાર કરીને હિમાલયના પ્રદેશની પદયાત્રા શરૂ કરી. લગભગ ૮ વર્ષ જેટલા સમયમાં ઉત્તરથી પૂર્વ થઈ, દક્ષિણ થઈ અને પશ્ચિમ દેશમાં એટલે કે ગુજરાતમાં આવ્યા. આપણે ગુજરાતના વતનીઓ માટે બહુ ગૌરવ અને આનંદની વાત છે કે, ભગવાને એમની કર્મભૂમિ તરીકે ગુજરાતના લોજની પ્રસાદીની એ ભૂમિને પસંદ કરી.

ગુરુ રામાનંદ સ્વામી સાથે પીપલાણામાં નીલકંઠવર્ણીનો મેળાપ થયો. ગુરુને મળવાનો એટલો બધો આનંદ છે કે, શરીરનું ભાન ભૂલી જઈ, ઉઘાડા-ખુલ્લા પગે કાંકરા ને કાંટાવાળી ભૂમિ પર ઉતાવળે પગલે ચાલીને નીલકંઠવર્ણી રામાનંદ સ્વામીને મળવા માટે જાય છે. ગુરુમિલનની કેટલી ઉત્કંઠા છે ! ગુરુ-શિષ્યની પરંપરાને ભગવાન શ્રી સ્વામિનારાયણે એક નવું રૂપ, નવી ચેતના ને નવું દર્શન આપ્યું છે. રામાનંદ સ્વામીના શિષ્ય તરીકે તેઓ રહ્યા, રામાનંદ સ્વામી પાસે દીક્ષિત થઈને 'સહજાનંદ' થયા. જેતપુર એ ગુજરાતનું એક ગામ; એ ગાદીનું સ્થાન બન્યું. રામાનંદ સ્વામીએ પોતાના જીવનની લીલા સંકેલી ત્યારે ફરેણીમાં એમના અંતિમસંસ્કાર કરીને સહજાનંદ સ્વામીએ 'ૐ સ્વામિનારાયણ' મંત્ર આપ્યો. ત્યાં સુધી સર્વ પોતપોતાની આસ્થા-શ્રદ્ધા પ્રમાણે હિન્દુ સંસ્કૃતિના, ઋષિ સંસ્કૃતિના જે વેદોક્ત મંત્રો હતા તે જુદા જુદા મંત્રનો જાપ બોલતા હતા. પણ સંપ્રદાય તરીકેની એકસૂત્રતાનો પહેલો મંત્ર, એક જ મંત્ર – 'ૐ સ્વામિનારાયણ' આપ્યો. એ પછીથી તેઓ પોતે 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે ઓળખાયા અને એમના જે કોઈ આશ્રિત થયા તેઓને 'સ્વામિનારાયણ પંથના સત્સંગી' તરીકે સમાજમાં એક અલગ ઓળખાણ આપી. ભગવાને વરદાન આપ્યું કે, 'હું મારા ગુણાતીત સંત દ્વારા સદાય પ્રગટ રહીશ, પ્રત્યક્ષ રહીશ.' મંત્ર દ્વારા, શાસ્ત્ર દ્વારા, મૂર્તિ દ્વારા ભગવાન સાથેનું અનુસંધાન જોડવાનો અદ્ભુત અધ્યાત્મમાર્ગ એમણે સમજાવ્યો. પોતે પોતાના સંતો-ભક્તો-આશ્રિતોની આચારસંહિતાની એક નાનકડી પુસ્તિકા લખી, જેનું નામ 'શિક્ષાપત્રી'. વસંતપંચમીના દિવસે ભગવાને પોતાના આશ્રિતોને આચારસંહિતાની એ પુસ્તિકા આપી.

ગઢડા, સારંગપુર, વડતાલ, અમદાવાદ, કારિયાણી વગેરે ઠેકાણે ૩૦ વર્ષનાં વિચરણ દરમિયાન સ્વામિનારાયણ ભગવાને જે ગોષ્ઠિ કરી, ઉપદેશ રૂપે જે વચનો પોતાના સંતો-ભક્તોને સમજાવ્યાં, સંભળાવ્યાં; તેનું પરમહંસોએ સંકલન કર્યું. એ સંકલન કરીને

સ્વામિનારાયણ ભગવાનની આગળ એમણે વાંચી સંભળાવ્યું. સ્વામિનારાયણ ભગવાને એમાં કાંઈ ભૂલ હોય તો એ સુધારીને સરખી કરાવી. અને એ રૂપે જે ગ્રંથ બન્યો એ ગ્રંથ તે 'વચનામૃત'. જે સ્વામિનારાયણ સંપ્રદાયનો આધારભૂત ગ્રંથ કહેવાયો. એમ, 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' એ બે ગ્રંથો સ્વામિનારાયણ સંપ્રદાયના આધારભૂત ગ્રંથો તરીકે પ્રસિદ્ધ થયા. સ્વામિનારાયણ ભગવાનના સ્વધામ ગયા પછીથી પણ ભગવાને એવાં વરદાન આપ્યાં હતાં કે, મારી વાણી એ જ મારું સ્વરૂપ છે. એટલે આજે સંપ્રદાયમાં 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' એ ભગવાનનું જ સ્વરૂપ છે એવી રીતે એનું પૂજન, પઠન અને સ્વાધ્યાય કરવામાં આવે છે. બધાં શાસ્ત્રોનો સાર આપણને ભગવાને આ ગ્રંથોમાં આપ્યો છે. ભગવાને પોતે 'શિક્ષાપત્રી'માં એમનાં જે પ્રિય શાસ્ત્રો છે એની વાત કરી છે. અને એ એવા ગ્રંથો છે કે, જેમાં ભગવાનના મહિમાની વાતો, ભગવાનના જે સંતો થઈ ગયા એમના મહિમાની વાતો લખી છે.

સ્વામિનારાયણ ભગવાને બીજું એક પુસ્તક પોતાના પરમહંસોને પ્રેરણા કરીને લખાવ્યું, એનું નામ છે 'ધર્મામૃત'–ધર્મનું અમૃત. જેમ 'શિક્ષાપત્રી' એ આચારસંહિતા છે, એમ 'ધર્મામૃત' પણ એવો ગ્રંથ છે. એમાં પણ નીતિનિયમો અને જો એમાં ભંગ થાય તો એનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું ? તે જણાવ્યું છે. એટલે વ્રત-નિયમ એ સંપ્રદાયનું એક માળખું છે. એ માળખાની જે મુદ્દાની વાત છે એના સ્વામિનારાયણ ભગવાને પાતાળે પાયા નાખ્યા છે. ત્યાગી અને ગૃહસ્થીએ ધર્મનું કેવી રીતે પાલન કરવું એ સ્વામિનારાયણ ભગવાને 'ધર્મામૃત'માં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આ બધું કરવા પાછળ તેઓ એમ કહે છે કે, જે કંઈ પણ કલ્યાણને અર્થે અત્યાર સુધી શાસ્ત્રોમાં વાત લખાઈ છે એનો એમણે સાર અને નિચોડ પોતાના ભક્તોને બહુ સહેલી ને સરળ ભાષામાં આપ્યો છે.

ગુરુહરિ સાહેબદાદા દૃષ્ટાંત આપે છે કે, આપણે ગાય લાવીએ. એનું પાલન-પોષણ કરીએ, એને દોહીએ એટલે દૂધ મળે. એ દૂધને આખરીએ એટલે દહીં બને. એ દહીંને વલોવીએ એટલે માખણ બને. એ માખણને આપણે ગરમ કરીએ તો એમાંથી ઘી મળે. અને પછી ગમ્મત કરીને સમજાવે કે, એના કરતાં 'અમૂલ'નો તૈયાર ઘીનો ડબ્બો લાવીને રોટલી ઉપર ચોપડીને જમીએ એટલી સહેલી અને સરળ બાબત આ શાસ્ત્રોની છે! આમ, સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્રો પણ આપણા માટે સરળ કરી આપ્યાં. અહીંયાં ફાગણ સુદિ પૂનમના દિવસે વચનામૃત ગઢડા મધ્ય ૨૧માં સ્વામિનારાયણ ભગવાન જે વાત કહી ગયા છે એ વાતનો મુદ્દો સમજવો વધારે અગત્યનો છે. એમની જીવનલીલાના અનેક પ્રસંગો, એમની આજ્ઞા, એમનો અભિપ્રાય, એમની રુચિ અને એમણે આપેલા જીવન-સિદ્ધાંત; એ સઘળી બાબતો જણાવતું અને શાસ્ત્રીજી મહારાજનાં પ્રિય વચનામૃતોમાંનું એક વચનામૃત એવું આ ગઢડા મધ્યનું ૨૧મું વચનામૃત છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કીર્તન રહેવા દ્યો ને સર્વે સૂરત દઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ જે, જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે.**

વ્યાસ ભગવાને જેટલાં શાસ્ત્ર લખ્યાં છે એ બધાં અમે સૂરત રાખીને સાંભળ્યાં છે. ભગવાનનાં લીલાં ચરિત્રો ગાવાં અને સાંભળવાં એ પણ આનંદ પામવા માટેનું સાદું ને સરળ સાધન છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિના જીવનચરિત્ર વિશે જ્યારે વાત કરવામાં આવે ત્યારે એમના 'જીવનના પ્રસંગો' એમ કહેવામાં આવે છે. પણ ભગવાનના જીવનપ્રસંગોને 'લીલા' કહેવામાં આવે છે. આપણે આપણા શરીરનો, આપણાં ઇન્દ્રિય-અંતઃકરણનો ઉપયોગ આપણી પ્રસન્નતા માટે અને ભોગ ભોગવવા માટે કરીએ છીએ. જ્યારે ભગવાન અને ભગવાનને ધારક પ્રગટ સત્પુરુષ જીવના કલ્યાણને અર્થે, ભગવાનનું કામ કરવા માટે એ ક્રિયા કરે છે; એટલે એ ક્રિયા નથી રહેતી, પણ એને 'લીલા' કહેવામાં આવે છે. અને એટલે જ આપણા હિન્દુ સંપ્રદાયમાં ભાગવતની કથા વિશેષ પ્રમાણમાં થાય છે. કારણ કે, એમાં ભગવાન શ્રીકૃષ્ણ અને દસેય અવતારની લીલાનું વર્ણન છે.

એક વખત એક પરમહંસ ભગવાનને પ્રશ્ન પૂછે છે કે, 'ભગવાનની આટલી બધી શક્તિ છે, સામર્થ્ય છે, ઐશ્વર્ય છે, પ્રતાપ છે તો પછી ભગવાને એમના ધામમાં રહીને જ જીવોનાં કલ્યાણ કરવાને બદલે ભગવાન કેમ પોતે પૃથ્વીલોક પર આવ્યા ?' ત્યારે ભગવાન એનો જવાબ આપે છે કે, 'અમે તો અમારા ભક્તોને લાડ લડાવવા માટે, અમારો સંબંધ આપીને એમને આનંદ પ્રાપ્ત કરાવવા માટે આવ્યા છીએ.' બાળસખાઓને ઘનશ્યામ જે રીતે આનંદ કરાવતા એ એમના જન્મ ધર્યાના હેતુઓમાંનો એક હેતુ હતો કે, 'સામાન્ય જીવ પણ અમારા સંબંધમાં આવે અને અમારી સાથે રમે, જમે, સંબંધ-સંપર્કમાં આવે. અમે જે ઝાડ હેઠળ બેસીએ, અમે જે ઢોરનું દૂધ જમીએ, અમે જે ભક્તનું ફળ કે અનાજ ગ્રહણ કરીએ એ સર્વને અમારો સંબંધ આપીને એમને મોક્ષમાર્ગના અધિકારી બનાવીએ; એ હેતુ લઈને અમે મનુષ્યદેહ ધરીને આ પૃથ્વી ઉપર પ્રગટ થઈએ છીએ.'

**અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે. અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં.'**

આમાં મૂળ મુદ્દો તો સ્વામિનારાયણ ભગવાને 'હું પોતે મનુષ્ય શરીર ધારીને આ પૃથ્વી પર પ્રગટ થયો છું' એમ પોતે પોતાના સ્વમુખે આ 'વચનામૃત'માં સમજાવ્યું છે. અને સાથે સાથે ભગવાનના ભક્તો અને સાધુઓનું પણ માહાત્મ્ય સમજાવ્યું છે. કલ્યાણપ્રાપ્તિ માટેનો અદ્‌ભુત માર્ગ સ્વામિનારાયણ ભગવાને આ 'વચનામૃત'માં સમજાવ્યો છે. 'શિક્ષાપત્રી'માં તેઓએ સ્પષ્ટપણે લખીને આપ્યું છે કે, 'બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મની ઉપાસના કરવી. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમને ધારવા.' આજના સમયમાં આ વાત આપણે પ્રગટ સત્પુરુષ સાથે લગાડીને આપણને પ્રભુના પરમ તત્ત્વના ધારક એવા ગુરુ ગુણાતીત સ્વરૂપ જે મળ્યા છે એ સાધુનું માહાત્મ્ય સમજીએ અને એમના સંબંધવાળા સંતો-ભક્તોનું માહાત્મ્ય સમજીએ; એ જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર છે. સ્વામિનારાયણ ભગવાને અનેક વચનામૃતોમાં આવું સ્પષ્ટપણે લખીને અને ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતનું સાચું અને સહેલું ઈન્ટરપ્રિટેશન કરીને આપણને અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની વાત સમજાવી છે. એ પછી ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદાને ગુરુ બનાવીને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ભગવાન, ભગવાનના સંત અને ભગવાનના ભક્તનાં માહાત્મ્ય સુધી આપણને આ ઉપાસનામાર્ગને દઢ કરી આપ્યો. એવા સાધુમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે તેવી સમજણના 'ગઢડા પ્રથમ ૨૭ વચનામૃત'માં પણ મહારાજે બહુમુદ્દાની વાત સમજાવી છે.

કાળક્રમે સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક સંસ્થાઓ થઈ અને એ સંસ્થામાં અનેક એવા સદ્‌ગુરુ સંતો પણ પાક્યા. પણ એ બધાએ આધારભૂત જો કોઈ એક વાત લીધી હોય તો તે આ વાત લીધી છે, આ મુદ્દો લીધો છે કે, ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. તે મને મારા ગુણાતીત ગુરુ દ્વારા પ્રાપ્ત થયા છે.

**પરમેશ્વરને ભજવાની તો સર્વને ઈચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે.**

શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના એ આપણી સમજણ છે. અને એ સમજણમાં એવા એમના તત્ત્વના ધારક સાધુ કે જેમનામાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે, તેઓ ભગવાનરૂપ છે. એમનાં દર્શને પ્રભુનાં દર્શન થાય છે, એમનાં પૂજને પ્રભુનાં પૂજન થાય છે અને એમનાં પગલાં દ્વારા પ્રભુ જ આ પૃથ્વી પર વિચરી રહ્યા છે; એવાં અદ્‌ભુત કીર્તનો-પદો એ સમયમાં પરમહંસોએ રચ્યાં છે, પણ એ આપણી સમજણમાં, આપણી પ્રૅક્ટિસમાં આજે આવ્યાં. મહારાજના વખતમાં પરમહંસોએ જે પદો રચ્યાં છે એ પદોમાં પણ સંતનો આવો મહિમા ગાયો છે. તો એવા પ્રગટ ગુરુહરિ સાહેબદાદાને વિશે આપણો દિવ્યભાવ દિન-પ્રતિદિન વધતો જાય, એમના સંબંધવાળા ભક્તોને વિશે નિર્દોષભાવ વધતો જાય અને અરસપરસ એકબીજામાં આત્મબુદ્ધિ ને પ્રીતિ થતી જાય, કોઈનોય દોષ, ખામી, ઊણપ જોયા વગર, એની ટીકા-ચર્ચા કર્યા વગર, મને જે સ્વરૂપ મળ્યું છે એની ધન્યતાના ભાવથી આપણે જીવતા રહીએ એ જ જન્મદિવસની સાચી ઉજવણી છે.

આપણે પોતાનો જન્મદિવસ, પરિવારના સૌ સભ્યોનો જન્મદિવસ, પ્રગટ ગુરુહરિનો જન્મદિવસ અને ભગવાનના અવતારો-સ્વરૂપોનો જન્મદિવસ પણ એ રીતે ઊજવીએ અને આપણું પોતાનું જીવન જ એક ઉજવણી બની જાય, ઉમંગ અને આનંદનો મહોત્સવ બની જાય એવી કૃપા વરસાવે તેવી મંગલ પ્રાર્થના!

સર્વને પ્રાગટ્યદિનનાં ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ! ◆